# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૪૮ તા.૨૫-૦૨-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- વર્ષ ૨૦૨૧-૨૨ દ્વિતીયસત્રની (સમયપત્રક મુજબ અમલી ન થયેલ) સામયિક મૂલ્યાંકન કસોટીઓ વેબસાઈટ પર ઉપલબ્ધ કરવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૨/૪૧૪૮-૪૨૦૩ તા.૨૨-૦૨-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, કોરોનાની પરિસ્થિતિને કારણે તા.૦૮-૦૧-૨૦૨૨ થી ઓફલાઈન શૈક્ષણિક કાર્ય બંધ થવાને કારણે તા.૧૨-૦૧-૨૦૨૨ થી તા.૧૧-૦૨-૨૦૨૨ સુધીની કુલ પાંચ સપ્તાહ દરમ્યાન સામયિક મૂલ્યાંકન કસોટીઓ પ્રાથમિક શાળામાં અમલી થઈ શકેલ નથી.

ઉકત પાંચ સપ્તાહની તમામ માધ્યમની કસોટીઓના પ્રશ્નપત્રો અગાઉ ઈમેઈલ દ્વારા મોકલી આપવામાં આવેલ છે તેમજ જીસીઈઆરટીની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. જે અંગે ઘટતી કાર્યવાહી જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૫-૦૨-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

અગત્યની નોંધ :-

પરિપત્ર નં.૧૧૦-A તા.૦૧/૧૨/૨૦૨૧ મુજબ અંતર્ગત તમામ મુખ્ય શિક્ષકોને જણાવવાનું કે "સમાજ શિક્ષણ દિન"ના એકત્રિત કરેલ ફાળાની રકમ તા.૯ અને ૧૦ માર્ચના રોજ જે-તે ઝોનમાં સવારે ૧૧-૦૦ થી ૪-૦૦ દરમ્યાન જે તે ઝોનની ઓફિસ ખાતે તમારી શાળાનો ફાળો જમા કરાવીને પહોંચ મેળવી શાળા દફતરે રાખવાની રહેશે. અમદાવાદ શહેર શિક્ષણ સમિતિના કર્મચારી જે-તે ઝોન ઓફિસે સવારે ૧૧-૦૦ થી ૦૪-૦૦ કલાક દરમ્યાન ઉપસ્થિત રહી ફાળાની રકમ સ્વીકારશે.

| તારીખ | ઝોન | સમય |
|---|---|---|
| ૦૯/૦૩/૨૦૨૨ થી ૧૦/૦૩/૨૦૨૨ | દક્ષિણ,પશ્ચિમ,ઉત્તર પશ્ચિમ, દક્ષિણ પશ્ચિમ, અંગ્રેજી | ૧૧ થી ૪ |
| | ઉત્તર, મધ્ય, પૂર્વ, હિન્દી, ઉર્દૂ | ૧૧ થી ૪ |

તા.૨૫-૦૨-૨૦૨૨

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

સચિવ

ક્રમાંક : જીસીઈઆરટી/ સીએન્ડઈ/2022 / 4148-4203
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 22/ 02/ 2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ વર્ષ ૨૦૨૧-૨૨ દ્વિતીયસત્રની (સમયપત્રક મુજબ અમલી ન થયેલ) સામયિક મૂલ્યાંકન કસોટીઓ વેબસાઈટ પર ઉપલબ્ધ કરવા બાબત.

સંદર્ભઃ પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૧/૩૦૧૨૬—૩૩ તા. ૧૬/૧૧/૨૦૨૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે કોરોનાની પરિસ્થિતિને કારણે તા. ૦૮/૦૧/૨૨ થી ઓફલાઈન શૈક્ષણિક કાર્ય બંધ થવાને કારણે સંદર્ભદર્શિત પત્રમાં દર્શાવેલ સમયપત્રક મુજબ તા. ૧૨/૧/૨૨ થી ૧૧/૨/૨૨ સુધીની કુલ પાંચ સપ્તાહ દરમિયાન સામયિક મૂલ્યાંકન કસોટીઓ પ્રાથમિક શાળાઓમાં અમલી થઈ શકેલ નથી.

ઉપરોક્ત પાંચ સપ્તાહની તમામ માધ્યમની કસોટીઓ શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ સ્વૈચ્છિક રીતે મહાવરા માટે સંદર્ભ તરીકે ઉપયોગ કરી શકે તે હેતુસર જીસીઈઆરટી વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જે અંગે શાળાઓને જાણ કરવા આપની કક્ષાએથી ઘટિત કાર્યવાહી કરશો.

સચિવ
જીસીઈઆરટી
ગાંધીનગર

નકલ સવિનય રવાનાઃ

- માન. એસ.પી.ડી.શ્રી, એસ.એસ.એ. કચેરી, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, જૂના સચિવાલય, ગાંધીનગર
- કન્વીનરશ્રી, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, ગાંધીનગર

નકલ રવાનાઃ

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૪૮-A તા.૨૫-૦૨-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ખેલ મહાકુંભ ૨૦૨૧-૨૨ ખેલાડીઓને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા બાબત.

સંદર્ભ :- જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, અમદાવાદનો જા.નં.જિ.ર.ગ.પ./૪૪૦-૪૫૯/૨૦૨૧-૨૨ તા.૨૩-૦૨-૨૦૨૨ નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે,સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ચાલુ વર્ષે ખેલમહાકુંભ ૨૦૨૧-૨૨નું આયોજન કરવામાં આવેલ છે.

સદરહુ ખેલમહાકુંભ ૨૦૨૧-૨૨માં વિવિધ ૨૯-રમતોને અલગ-અલગ વય જૂથમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન તા.૧૮-૦૨-૨૦૨૨થી શરૂ કરવામાં આવેલ છે. ઓનલાઈન રજીસ્ટ્રેશનની લિંક આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ છે ધો.૫ થી ૮ના તમામ વિદ્યાર્થીઓનું પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ તા.૦૨-૦૩-૨૦૨૨ સુધીમાં પૂર્ણ થાય તેવું આયોજન કરવું તથા આ અંગેની વિગતવાર સમજ તા.૧૭-૦૨-૨૦૨૨ના રોજ વંદે ગુજરાત ચેનલ પર લાઈવ પ્રસારણ દરમ્યાન જણાવવામાં આવેલ હતી તે અનુસાર વધુમાં વધુ વિદ્યાર્થીઓ ખેલમહાકુંભમાં ભાગ લે તેવું આયોજન કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૫-૦૨-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# જિલ્લા રમતગમત અધિકારીની કચેરી- અમદાવાદ શહેર

૭મો માળ, રવિશંકર રાવળ કલાભવન, લો ગાર્ડન પાસે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

જા.નં.જિ.ર.ગ.પ/ ૭૭૦-૪૫૮-/૨૦૨૧-૨૨

તારીખ- ૨૩/૦૨/૨૦૨૨

પ્રતિ,

૧. આચાર્યશ્રી, શૈક્ષણીક સંસ્થાઓ તમામ, અમદાવાદ શહેર

૨. વોર્ડ મંત્રીશ્રી, ઝોન કન્વીનરશ્રી, તમામ

૩. આચાર્યશ્રી, તમામ કોલેજ, તથા શૈક્ષણીક સંસ્થાઓ, અમદાવાદ શહેર

૪. પ્રમુખશ્રી/મંત્રીશ્રી રમત ગમત મંડળ, અમદાવાદ શહેર

વિષય : ખેલ મહાકુંભ-૨૦૨૧-૨૨ ખેલાડીઓના ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવાનું કે, સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ચાલુ વર્ષે ખેલ મહાકુંભ - ૨૦૨૧-૨૨નું આયોજન કરવામાં આવેલ છે. ખેલ મહાકુંભનો હેતુ સ્પર્ધાના માધ્યમથી રમતગમતનું વાતાવરણ ઉભું થાય, રમતના ખેલાડીઓ રમતગમત ક્ષેત્રમાં આગળ આવી શાળા, ગ્રામ, તાલુકા, જિલ્લા અને રાજ્યને ગૌરવ અપાવવાની દિશામાં પ્રગતિ કરે તેમજ શારીરિક સ્વાસ્થ્યને તંદુરસ્ત રાખવાનો ઉમદા આશય છે

ખેલ મહાકુંભની ગ્રામ્ય/શાળાકક્ષાથી રાજ્યકક્ષા સુધીનું અલગ-અલગ વયજૂથમાં વિવિધ ૨૯ રમતોની સ્પર્ધાઓના રજીસ્ટ્રેશન માટે તા. ૧૭/૦૨/૨૦૨૨ના રોજ ખેલ મહાકુંભ રજીસ્ટ્રેશનના કર્ટન રેઈઝર કાર્યક્રમ માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય દ્વારા પ્રારંભ કરવામાં આવેલ છે. જે અન્વયે ખેલ મહાકુંભ - ૨૦૨૧-૨૨માં બહોળી સંખ્યામાં સ્પર્ધકો ભાગ લે તે હેતુથી શાળા ગ્રામ્ય કક્ષા તાલુકાકક્ષા, જિલ્લાકક્ષા રાજ્યકક્ષા સુધી વિવિધ ૨૯-રમતોને અલગ-અલગ વય જૂથમાં સમાવેશ કરી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે. જેથી ખેલ મહાકુંભ - ૨૦૨૧-૨૨નું ઓનલાઈન રજીસ્ટ્રેશન તા.૧૮/૦૨/૨૦૨૨ના રોજ થી શરૂ કરવામાં આવેલ છે. ખેલ મહાકુંભમાં ભાગ લેવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા માટેની વેબસાઈડ https://khelmahakumbh.gujarat.gov.in છે

ખેલ મહાકુંભ -૨૦૨૧-૨૨ માં અંડર-૧૧, અંડર-૧૪, અંડર-૧૭ તથા ઓપન એઈજ (સીનીયર) ગૃપમાં શાળામાં અભ્યાસ કરતા ખેલાડીઓએ જે તે શાળામાંથી રજીસ્ટ્રેશન કરવાનું ફરજિયાત રહેશે અને જવાબદાર શિક્ષકશ્રી દ્વારા રજીસ્ટ્રેશનની કામગીરી થાય તે જોવાનું રહેશે.

Scanned with CamScanner

ખેલ મહાકુંભ - ૨૦૧-૨૨ અંતર્ગત શાળાકક્ષાએ યોજાતી અંડર-૧૧, અંડર-૧૪ અને અંડર-૧૭ વય જૂથની ખેલ મહાકુંભની એથ્લેટીકસ રમતમાં તમામ શાળાઓએ ફરજિયાત ભાગ લેવાનો રહેશે

ખેલ મહાકુંભ – ૨૦૨૧-૨૨ માં ભાગ લેવા માટે ખેલાડીઓએ ફરજિયાત રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે રજીસ્ટ્રેશન થયા વગરના કોઈપણ ખેલાડીને સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે નહીં. જેથી આપની શાળાના ખેલાડીઓ વધુને વધુ ખેલ મહાકુંભ – ૨૦૨૧-૨૨ માં ભાગ લે તે માટે સત્વરે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવા આથી જણાવવામાં આવે છે.

<u>બિડાણ</u> :
- ખેલ મહાકુંભ (રમતોની યાદી) ફોર્મ

જિલ્લા રમતગમત અધિકારી
અમદાવાદ શહેર

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતી
અમદાવાદ

જિલ્લા શિક્ષણાધિકારી
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ:</u> –

૧. માન.કલેકટરશ્રી, અમદાવાદ
૨. માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, અમદાવાદ
૩. માન.પોલિસ અધિક્ષકશ્રી, અમદાવાદ
૪. માન.પ્રાંત અધિકારીશ્રી તમામ જિ. અમદાવાદ
૫. પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જિ. અમદાવાદ
૬. મામલતદારશ્રી, તમામ, જિ અમદાવાદ
૭. તાલુકા વિકાસ અધિકારીશ્રી, તમામ, જિ. અમદાવાદ
૮. સિનિયર કોચશ્રી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર. અમદાવાદ

Scanned with CamScanner

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૪૮-B તા.૨૫-૦૨-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- દ્વિતીય સત્રાંત પરીક્ષા ૨૦૨૧-૨૨ના ધો.૩ થી ૮ ના તમામ વિષયોની સમાન અને તેના સમયપત્રક અંગે જરૂરી સૂચનો બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/અભ્યાસક્રમ/૨૦૨૧-૨૨/૪૨૦૫-૩૦૧ તા.૨૩-૦૨-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તમામ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન સમાન પ્રશ્નપત્રોથી કરવા માટે આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દ્વિતીય સત્રાંત પરીક્ષાનું સમયપત્રક તથા સૂચનાઓ આપેલ છે. જે અંગે ઘટતી કાર્યવાહી જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૫-૦૨-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ<br>
શાસનાધિકારી

૪૨૦૫|૩૦૧

सत्यमेव जयते

NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

ક્રમાંક : જીસીઈઆરટી/અભ્યાસક્રમ/૨૦૨૧-૨૨/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : : www.gcert.gujarat.gov.in
તારીખ : ૨૩ -૦૨ - ૨૦૨૨

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ દ્વિતીય સત્રાંત પરીક્ષા ૨૦૨૧-૨૨ના ધોરણ ૩ થી ૮ના તમામ વિષયોની સમાન પરીક્ષા અને તેના સમયપત્રક અંગે જરૂરી સૂચનો બાબત.

સંદર્ભઃ (૧) શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંકઃ બમશ/૧૧૨૦/૧૪૨/છ તા ૧૨/૦૨/૨૦૨૦

(૨) GCERTની સીંગલ ફાઈલ નંબર-૨ તારીખ ૨૧/૦૧/૨૦૨૨ પર મળેલ શિક્ષણ વિભાગની મંજૂરી

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજયની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન સમાન પ્રશ્નપત્રોથી કરવા માટે દ્વિતીય સત્રાંત પરીક્ષાનું સમયપત્રક આ સાથે સામેલ છે જે માટે નીચેની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

1. સદર કસોટીમાં ધોરણ ૩ થી ૪ ના તમામ વિષયોમાં દ્વિતીય સત્રનો અભ્યાસક્રમ ધ્યાને લેવામાં આવશે.
2. **ગુજરાતી(પ્રથમભાષા)**, ગણિત, વિજ્ઞાન, **સામાજિક વિજ્ઞાન, પર્યાવરણ વિષયની સમાન કસોટીઓ અમલી કરવાની રહેશે.** બાકીના વિષયોની કસોટી ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળા સ્વૈચ્છિક રીતે લઈ શકશે. સરકારી પ્રાથમિક શાળાઓમાં તમામ શૈક્ષણિક વિષયોની સમાન કસોટીઓનો અમલ કરવાનો રહેશે.
3. જે શાળામાં પાળી પદ્ધતિ અમલમાં હોય તે શાળાઓમાં તમામ ધોરણની તમામ વિષયની પરીક્ષા આપેલ સમયપત્રક મુજબ જ યોજવાની રહેશે.
4. પેપરના પ્રૂફ, ભાષાશુદ્ધિની જવાબદારી જિલ્લા શિક્ષણ સમિતિ - જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તેમજ કોર્પોરેશનમાં શાસનાધિકારીશ્રીની રહેશે.
5. ધોરણ ૩ અને ૪ના વિદ્યાર્થીઓએ કસોટીપત્રમાં ઉત્તરો લખવાના રહેશે. ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓએ ઉત્તરો અલગ ઉત્તરવહીમાં પેનથી લખવાના રહેશે.
6. સામાજિક વિજ્ઞાન વિષયમાં **નકશાઓ** અને ગણિત વિષયમાં આલેખપત્રની જરૂરી વ્યવસ્થા જિલ્લા તંત્રએ/કોર્પોરેશને કસોટીપત્રોની સાથે જ કરવાની રહેશે.
7. પરીક્ષાના પરિણામની ઓનલાઈન ડેટા એન્ટ્રી અંગે વિગતવાર સૂચના સમગ્ર શિક્ષા, ગાંધીનગર મારફતે અલગથી આપવામાં આવશે.

8. આ પરીક્ષામાં દ્વિતીય સત્રનો અભ્યાસક્રમ સામેલ કરવામાં આવેલ છે. આ માટે પ્રતિનિધિત્વરૂપ અધ્યયન નિષ્પત્તિઓ આ સાથે ધોરણ અને વિષય પ્રમાણે આપવામાં આવેલ છે.
9. આપના દ્વારા નિયુક્ત કરવામાં આવેલ નોડેલ ઓફિસરને કસોટીપત્રોની CD લેવા માટે અત્રેથી જે તારીખ જણાવવામાં આવે તે તારીખે મોકલવાના રહેશે. જો સંજોગોવશાત નોડેલ ઓફિસર ઉપસ્થિત રહી શકે તેમ ન હોય તો જવાબદાર કર્મચારીને ઓથોરીટી પત્ર સાથે મોકલવાના રહેશે. જે તે જિલ્લાના શાસનાધિકારી, DEO તેમજ DPEO સંકલન કરીને કોઈ એક નોડેલ ઓફિસરને CD લેવા માટે મોકલી શકશે. પરીક્ષા સંબંધિત ગોપનીયતા જાળવવાની રહેશે.
10. જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના રેટ કોન્ટ્રાકટ/ટેન્ડર ન હોય ત્યાં જિલ્લા પંચાયત/કોર્પોરેશનના થયેલ રેટ કોન્ટ્રાકટ મુજબ પણ મુદ્રણ કરાવી શકાશે. તેમજ શાળા કક્ષાએ વિતરણની યોગ્ય વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
11. કોવિડ-૧૯ અંતર્ગત સરકારશ્રી દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવેલ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

બિડાણ : ૧. પ્રતિનિધિત્વરૂપ અધ્યયન નિષ્પત્તિઓની યાદી ધોરણ અને વિષય પ્રમાણે
૨. દ્વિતીય સત્રાંત પરીક્ષા ૨૦૨૧-૨૨ સમયપત્રક ધોરણ ૩ થી ૮

નિયામક
જીસીઈઆરટી
ગાંધીનગર

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગાંધીનગર

નકલ રવાના:

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, બ્લોક ૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
- કન્વીનરશ્રી, કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર, ગાંધીનગર
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

# દ્વિતીય સત્રાંત પરીક્ષા ૨૦૨૧-૨૨ સમયપત્રક ધોરણ ૩ થી ૮

| તારીખ | વાર | ધોરણ | વિષય | સમય | ગુણ |
|---|---|---|---|---|---|
| ૧૮/૦૪/૨૦૨૨ | સોમવાર | ૩ થી ૫ | ગણિત | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૧૯/૦૪/૨૦૨૨ | મંગળવાર | ૩ થી ૫ | ગુજરાતી (પ્રથમ ભાષા) | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૨૦/૦૪/૨૦૨૨ | બુધવાર | ૩ થી ૫ | પર્યાવરણ | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૨૧/૦૪/૨૦૨૨ | ગુરુવાર | ૬ થી ૮ | ગુજરાતી (પ્રથમ ભાષા) | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૨૨/૦૪/૨૦૨૨ | શુક્રવાર | ૬ થી ૮ | વિજ્ઞાન | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૨૩/૦૪/૨૦૨૨ | શનિવાર | ૬ થી ૮ | સામાજિક વિજ્ઞાન | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૨૫/૦૪/૨૦૨૨ | સોમવાર | ૬ થી ૮ | ગણિત | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૨૬/૦૪/૨૦૨૨ | મંગળવાર | ૪ થી ૫ | હિન્દી | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૨૬/૦૪/૨૦૨૨ | મંગળવાર | ૬ થી ૮ | હિન્દી | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૨૭/૦૪/૨૦૨૨ | બુધવાર | ૪ થી ૫ | અંગ્રેજી | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૨૭/૦૪/૨૦૨૨ | બુધવાર | ૬ થી ૮ | અંગ્રેજી | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૨૮/૦૪/૨૦૨૨ | ગુરુવાર | ૬ થી ૮ | સંસ્કૃત | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૪૮-C તા.૨૫-૦૨-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- રાજયકક્ષાએથી તૈયાર થતી કસોટીઓ તેમજ તેના જવાબો પ્રસારિત થવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૨/૪૩૮૫-૪૪૬૧ તા.૨૪-૦૨-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, પ્રવર્તમાન સમયમાં ઓનલાઈન શિક્ષણ બંધ થઈ પ્રત્યક્ષ શિક્ષણકાર્ય શરૂ થયેલ હોવાથી દર સપ્તાહે સામાયિક મૂલ્યાંકન કસોટી શાળાકક્ષાએ જ લેવાની થાય છે. સદર કસોટીઓના પ્રશ્નપત્રો શાળાને ઈમેઈલ દ્વારા મોકલવામાં આવેલ હતા જેને સોશિયલ મિડીયા પર મૂકવાની આવશ્યકતા નથી તેમજ કસોટીઓની ગોપનિયતા જળવાઈ રહે તેની ખાસ તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૫-૦૨-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

નિયામક

૪૩૮૫-૪૪૯૨

ક્રમાંક : જીસીઈઆરટી/ સીએન્ડઈ/2022/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : **director-gcert@gujarat.gov.in**
**Web : www.gcert.gujarat.gov.in**
તારીખ : 24/ 02/ 2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી- તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી- તમામ
શાસનાધિકારીશ્રી-તમામ

વિષય: રાજ્ય કક્ષાએથી તૈયાર થતી કસોટીઓ તેમજ તેના જવાબો પ્રસારિત થવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે રાજ્ય સરકાર દ્વારા નિયત થયા મુજબ સત્રાંત કસોટીઓ તેમજ સામયિક મૂલ્યાંકન (એકમ) કસોટીઓ રાજ્ય કક્ષાએ તૈયાર કરીને જિલ્લાની શાળઓને મોકલવામાં આવે છે.

COVID-19 ને કારણે જુલાઈ-૨૦૨૦ થી જાન્યુઆરી – ૨૦૨૨ સુધી સામયિક મૂલ્યાંકન કસોટીઓનું અમલીકરણ ઓનલાઈન તેમજ વિદ્યાર્થીઓને ઘરે હાર્ડકોપી મોકલીને કરવામાં આવતુ. આથી સ્વાભાવિક રીતે જ વિદ્યાર્થીઓ ઘરે રહીને પણ પોતાની અનુકૂળતાએ આ કસોટીઓ વેબસાઈટ, પાઠ્યપુસ્તકમાં આપેલા QR કોડ, સોશિયલ મીડિયા વગેરે દ્વારા મેળવી શકે એવું આયોજન કરવામાં આવેલ હતું.

હાલ શાળામાં વિદ્યાર્થીઓનું પ્રત્યક્ષ શિક્ષણકાર્ય શરૂ થયેલ છે અને ઓનલાઈન શિક્ષણકાર્ય બંધ કરવામાં આવેલ છે. આથી દર સપ્તાહે યોજવામાં આવતી સામયિક મૂલ્યાંકન કસોટી શાળાકક્ષાએ જ લેવાની થાય છે. તો હવે કસોટીઓ સોશિયલ મિડીયા પર મૂકવાની કોઈ આવશ્યક્તા જણાતી નથી. સદર કસોટીઓ અત્રેથી આપના મેઈલ આઈ.ડી. પર મોકલવામાં આવે છે. આપના જિલ્લામાંથી કસોટીઓ સંબંધિત શાળાઓ સુધી માત્ર ઓફિસીઅલ મેઈલ આઈડી. દ્વારા જ પહોંચે અને જાહેર સોશિયલ મિડીયા પર ફરતી ન થાય તેમજ કસોટીની ગોપનીયતા જળવાઈ રહે તેની ખાસ તકેદારી રાખવા આપની કક્ષાએથી જરૂરી પગલાં લેવા આથી જણાવવામાં આવે છે.

નિયામક
જીસીઈઆરટી,
ગાંધીનગર

**નકલ સવિનય રવાના:**

- માન. સચિવશ્રી - શિક્ષણ (પ્રાથમિક અને માધ્યમિક), સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, એસ.એસ.એ., ગાંધીનગર
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૪૮-D તા.૨૫-૦૨-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- " Fit India app-reg".

સંદર્ભ:- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૨/૨૧૦૩-૮૯ તા.૨૪-૦૨-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ અંતર્ગત શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય, ભારત સરકારશ્રી તથા રમતગમત મંત્રાલય દ્વારા ફીટ ઈન્ડીયા લોંચ કરવામાં આવેલ છે. આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ લીંક વડે આ એપ્લીકેશનનો ઉપયોગ વધુને વધુ લોકો કરે તેવું આયોજન કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૫-૦૨-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

(ઈ.નં. 63491)
(ઈ.નં. 63504)

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૨/ ૨૧૦૩-૮૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૨૪/૦૨/૨૦૨૨

પ્રતિ

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ**- "Fit India app-reg"

**સંદર્ભઃ**- (૧) શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંકઃ પીઆરઇ/૧૫૨૦૨૨/GOI-૦૪/ક તા. ૧૮/૦૨/૨૦૨૨
(૨) શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય, ભારત સરકારશ્રીના પત્ર ક્રમાંકઃ- 12-1/2020-IS.4 તા. 03/૦૨/૨૦૨૨

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય, ભારત સરકારશ્રીના તા. 03/૦૨/૨૦૨૨ ના પત્ર અન્વયે 'આઝાદી કા અમૃત મહોત્સવ' ઉજવણીના ભાગરૂપે રમતગમત મંત્રાલય દ્વારા ફીટ ઇન્ડીયા એપ લોંચ કરેલ છે અને તેનો સોશિયલ મીડીયા પ્લેટફોર્મના માધ્યમથી વધુમાં વધુ લોકો લાભ મેળવે તે બાબતે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ-**

- શ્રી દિલીપ નાઇ, સેકશન અધિકારીશ્રી, ક- શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
બ્લોક નં. ૫, આઠમો માળ, સચિવાલય,
ગાંધીનગર -૩૮૨૦૧૦.
ફોન નં. ૦૭૯-૨૩૨-૫૧૩૪૩, ફેક્ષ નં. ૦૭૯-૨૩૨-૫૧૩૨૫
Email ID: sok51343@gmail.com

પત્ર ક્રમાંક: પીઆરઇ/૧૫૨૦૨૨/GOI-૦૪/ક
તારીખ: /૦૨/૨૦૨૨

23 FEB 2022

પ્રતિ,
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,
પ્રાથમિક શિક્ષણની કચેરી,
બ્લોક નં-૧૨,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦

વિષય : **"Fit India app-reg"**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે શિક્ષણ મંત્રાલય, ભારત સરકારના તા-03/૦૨/૨૦૨૨ના પત્રની નકલ બિડાણસહ મોકલી આપતાં જણાવવાનું કે, આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવની ના ભાગરૂપે રમતગમત મંત્રાલય દ્વારા ફીટ ઇંડીયા એપ લોંચ કરેલ છે અને તેનો સોશિયલ મીડીયા પ્લેટ્ફોર્મ ના માદ્યમથી વધૂમાં વધૂ લોકો લાભ મળવે એ અંગે જાણ સારૂ, ઉક્ત પત્ર અન્વયે નિયમાનુસારની કાર્યવાહી કરી, કરેલ કાર્યવાહીની જાણ વિભાગની જાણ હેઠળ સંબંધિતને કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(દિલીપ નાઈ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

18 FEB 2022

બિડાણ : ઉપર મુજબ

Scanned by CamScanner

નં. ક......
શાખા.... PS
05 FEB 2022
૧૧૬૩
શિક્ષણ વિભાગ
નવા સચિવાલય, ગાંધીનગર

**F. No. 12-1/2020-IS.4**
**Government of India**
**Ministry of Education**
**Department of School Education and Literacy**
**(IS-4 Section)**

Dated: 3.02.2022

The Additional Chief Secretary/Principal Secretary/Secretary (Education), of all States / UTs

**Subject: FIT INDIA app –reg.**

Sir/Ma'am,

Please refer to Department of Sport's DO letter No. 1-10/SAI/Fit India/2021 dated 21.01.2022 regarding the FIT India App.

2. Department of Sports has informed that as a part of commemoration of Azadi Ka Amrit Mahotsav, the Fit India Mobile App has been launched. The fitness assessment based on the 'Age-appropriate Fitness Protocols-GOALS', which was launched by Hon'ble PM. The App comes with host of other features like customized diet plans, step counter, calorie monitor, sleep tracker etc. Detailed guide on how to perform the fitness tests is also available on the App. The App is also available in both Android and iOS. The link of the App is also available in attached communication.

3. In this regard, it is requested to take necessary action to give necessary instruction to concerned and use their various social media platform for publicize the above information and encourage maximum people to download and get benefitted with App.

Yours sincerely,

**(Rajesh Kumar Maurya)**
Under Secretary to the Government of India
Tel No. 011-23384501
Mail id: rajmaurya2003@rediffmail.com

**Copy for similar action to:**

1. The Chairperson, Central Board of Secondary Education,
2. The Commissioner, Kendriya Vidyalaya Sangathan,
3. The Commissioner, Navodaya Vidyalaya Samiti (NVS)
4. The Chairman, Council for the Indian School Certificate Examination (CISCE)
5. The Chairman, National Institute of Open Schooling (NIOS)

Copy for Information:
Secretary, Department of Sports, MoYABS.

સચિવશ્રી (પ્રા. અને મા. શિ.)

✓ સ.શ્રી. (પ્રા. શિ.)
ના. સ. (સંકલન)
ના. સ. (મા. શિ.)

09/02/22

all | ⌄ Delete Junk | ⌄ ...

# -1/2020-IS.4: Fit India App-reg

IS 4 Section <ssaee17@gmail.com>
Today, 15:15
secyedn.and@gmail.com; secedn.and@nic.in; secedn@nic.in; secretaryeducationap+46 more

Reply all | ⌄

Inbox

signed_letter_reg_FIT.pdf
633 KB

Fit India Mobile App- D...
479 KB

Show all 2 attachments (1 MB) Download all

Enterprise Vault

***** This mail is from external domain, i.e. not from gujarat.gov.in domain. Kind

Ma'am/Sir,

PFA the letter dated 03.02.2022 regarding FiT India App.

2. This is for your kind information and necessary action, please.

**Regards,**


***************

**(Hemant D. Sorte)**

**Section Officer (IS.4 )**

**Department of SE & L,**

**Ministry of Education,**

**Government of India**

**R.K. Puram, West block-2, wing - 6**

**New Delhi**


Scanned by CamScanner

# Windows Printer Test Page

You have correctly installed your Kyocera TASKalfa 2553ci KX on DESKTOP-7T39T4U.

## PRINTER PROPERTIES

| | |
|---|---|
| Submitted Time: | 13:09:48 |
| Date: | 04-02-2022 |
| User Name: | DESKTOP-7T39T4U\user |
| Computer Name: | DESKTOP-7T39T4U |
| Printer Name: | Kyocera TASKalfa 2553ci KX |
| Printer Model: | Kyocera TASKalfa 2553ci KX |
| Color Support: | Yes |
| Port Name(s): | 192.168.254.241 |
| Data Format: | RAW |
| Printer Share Name: | |
| Printer Location: | |
| Print Processor: | winprint |
| Comment: | |
| Separator Page Location: | |
| OS Environment: | Windows x64 |

## PRINT DRIVER PROPERTIES

| | |
|---|---|
| Driver Name: | Kyocera TASKalfa 2553ci KX |
| Driver Type: | Type 3 - User Mode |
| Driver Version: | 7.3.2216.0 |

## ADDITIONAL PRINT DRIVER FILES

C:\Windows\system32\spool\DRIVERS\x64\3\KMBASE2.XML
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\KMFS73MG.DLL
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\KMRF73MG.DLL
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\KMRC73MG.DLL
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\KMCR73MG.DLL
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\KM3D73MG.DLL
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\KM3M73MG.DLL
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\KMPE73MG.DLL
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\KMWM73MG.DLL
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\KMPF73MG.DLL
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\KMPO73MG.DLL
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\KMSP73MG.DLL
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\KMCO73MG.DLL
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\KMPC73MG.DLL
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\KMPLSW02.DLL
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\KMPLSWIP.DLL
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\KMPLID01.DLL
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\KMIEDIT.DLL
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\KCMV3D.INI
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\CONFIDENTIAL.MIE
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\NOCOPY.MIE
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\KMPRPVW.EXE
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\KMPOPUPMGR.EXE
C:\Windows\system32\spool\DRIVERS\x64\3\PMCLIENT2.DLL
...

Scanned by CamScanner

सुजाता चतुर्वेदी, भा.प्र.से
सचिव
Sujata Chaturvedi, IAS
Secretary

**D.O. No. 1-10/SAI/Fit India/2021**

सचिव
भारत सरकार
खेल विभाग
युवा कार्यक्रम और खेल मंत्रालय

Secretary
Government of India
Department of Sports
Ministry of Youth Affairs & Sports

Dated: 21st January, 2022

Dear Secretary,

It gives me great pleasure to inform you that as a part of Commemoration of Azadi Ka Amrit Mahotsav, the Fit India Mobile App has recently been launched. The fitness assessment based on the 'Age-appropriate Fitness Protocols-GOALS', which was launched by Hon'ble Prime Minister in September, 2020, is the core feature of this App.

2. The Fit India Mobile App comes with host of other features like customized diet plans, step counter, calorie monitor, sleep tracker etc. In our endeavour to make fitness tool accessible to all, all these features are Free for all the users. A guide on how to perform the fitness tests is also available on the App.

3. The App is available in both Android and iOS platforms. The links for the download are as follows:

i. Android- https://play.google.com/store/apps/details?id=com.sai.fitIndia
ii. iOS-https://apps.apple.com/us/app/fit-india-mobile-app/id1581063890

4. I kindly request you to publicize the message of Fit India Mobile App through your Ministry and encourage people to download and get benefitted with Fit India Mobile App. The Fit India App will be attractive to the users as it indicates their fitness level and provide ways to improve the same.

With best regards,

Yours sincerely,

21.1.22

(Sujata Chaturvedi)

To

**All Secretaries, Government of India**

कमरा सं. 3, 'सी' विंग, शास्त्री भवन, नई दिल्ली–110001 दूरभाष : 011–23388623
Room No. 3, 'C' Wing, Shastri Bhawan, New Delhi-110001 Tel.: 23388623
फैक्स / Fax: 011-23388758, ई–मेल / E-mail : secy-sports@nic.in

Scanned by CamScanner